<u>રેગ્યુ. દિવાની કેસ નં.૫૦/ ૨૦૧૯</u>

::- <u>આંક:-૫ ની અરજી તળે હુકમ</u> ::-

(૧) વાદી તરફે હાલનો દાવો કરારનું વિશિષ્ટ પાલન કરવા તથા વિજ્ઞાપન અને કાયમી મનાઈ હુકમ મેળવવા માટે કરેલ છે. હાલનો હુકમ આંક:-૫ ની મનાઈ અરજીને સંલગ્ન હોય, તે સંજોગોમાં હાલની અરજી તથા દાવા અરજી, પ્રતિવાદીઓ તરફે રજુ જવાબ રેકર્ડનો ભાગ હોય તે તમામ વિગતોનું અત્ર ે પુનરાવર્તન અનુચીત હોવાનું માની અત્રે પુનરાવર્તન કરેલ નથી. પરંતું આ હુકમમાં યથાસ્થાને પક્ષકારો તરફે રજુ ઉપરોકત પક્ષ નિવેદન, પ્લીડીંગ્સની જરૂરી યોગ્ય ચર્ચા કરવામાં આવેલ છે.

(૨) આ કામે વાદીની હંગામી મનાઈ અરજીની મહત્વની હકીકતો ટૂંકમાં અત્રે નોંધવી જરૂરી જણાય છે,જે મુજબ આ કામના વાદીએ તેમની આંક-૫ વાળી મનાઈ અરજીમાં મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, આ કામના વાદીની માલીકી અને કબજા ભોગવટાવાળી મિલકત ગુજરાત રાજયના તા.જી.મોરબીના ગામ પીપીળીયા રે.સ.નં.૧૫૪ પૈકી ૨ ની સરસીયાવાળુ તરીકે ઓળખાતી જુની શરતની ખેતીની ખેડવાણ જમીન જેના હે.આરે.ચો.મી.૨-૮૩-૨૮ ખાતા નં. ૪૭૪ થી આવેલ છે. જેના નોંધ નં.૧૭૦૧ થી આ કામના પ્ર તિવાદીના નામનુ આવેલ છે. જેની ચર્તુદીશા નીચે મુજબ છે.

ઉતરે:- રઘુસિંહ દાદાની ખેતીની જમીન આવેલ છે.

દક્ષિણે:- નાનજી પટેલની ખેતીની જમીન આવેલ છે.

ઉતર:-મુનાભાઈનુ ખેતર આવેલ છે.

દક્ષિણે:- લક્ષ્મણ પટેલની ખેતીની જમીન આવેલ છે.

સદરહુ ખેડવાણ જમીન આ કામના પ્રતિવાદીએ વાદીને કુલ વેચાણ કિંમત રકમ રૂા.૧૦,૦૦,૦૦૦/- માં વેચાણ આપવાનુ નકકી કરી મોરબી સબરજીસ્ટ્રાર સાહેબ સમક્ષ તા.૧૮-૦૩-૨૦૧૭ ના રોજ રજી. સાટાખત અનુ નં.૨૫૫૯ થી વાદી જોગ આ કામના પ્ર તિવાદીઓ વેચાણ કરવા માટે સાટાખત કરી આપેલ હતુ અને સાટાખત વખતેવાદીએ આ કામના પ્રતિવાદીઓને સાટાખત અવેજ પેટે બાનાની રકમ રૂા.૨,૯૦,૦૦૦/- રોકડેથી ચુકવી આપેલ હતા અને જે રકમ આ કામના પ્રતિવાદીએ સ્વીકારી લીધેલ હતી. આમ ઉપરોકત વિગતથી તેઓએ બાનાની રકમ ચુકવી આપેલ હતી અને બાકી રહેતી રકમ રૂા.૭,૧૦,૧ ૦૦/- ચુકવ્યે થી પાકો વેચાણ દસ્તાવેજની કરી આપવા ની હકીકતે આ કામના પ્રતિવાદીએ દાવાવાળી

ખેડવાણ જમીન વેચાણ આપવાનુ નકકી કરીને સાટાખત રજીસ્ટર કરાવી આપ્યા બાદ દસ્તાવેજ થવાનો સમય આવતા તેઓએ સાટાખતની શરતો મુજબ આ કામના પ્રતિવાદીને બાકીની રકમ સ્વીકારી દસ્તાવેજ કરી આપવા માટે અવાર નવાર જાણ કરવા છતા આ કામના પ્રતિવાદીએ વાદી જોગ દાવાવાળી ખેડવાણ જમીનનો વેચાણ દસ્તાવેજ કરી આપેલ નહી અને આ કામના પ્રતિવાદીએ અવાર નવાર જુદા જુદા બહાનાઓ બતાવી ખોટો અને વ્યર્થ સમપ આપતા ગયેલ. ત્યારબાદ વાદી જોગ આ કામના પ્રતિવાદીએ કરી આપેલ સાટાખતના આધારે વાદીએ પ્રતિવાદીએ બાકીનો અવેજ સ્વીકારી દસ્તાવેજ રજી. કરાવી આપવા માટે જણાવેલ હતુ. પરંતુ આ કામના પ્રતિવાદીએ અત્યાર સુધી સદરહુ ખેડવાણ જમીનનો પાકો દસ્તાવેજ કરી આપેલ નહી તેમજ દસ્તાવેજ કરી આપવા માટે યોગ્ય જવાબ કે ચોકકસ સમય પ્રતિવાદીએ વાદીને આપેલ નથી. તેમજ સદરહુ મિલકત બાબતે મિલકતની ટાઈટલ ફાઈલ તેમજ ડોકયુમેન્ટો પણ પ્રતિવાદી પાસેથી માં ગવા છતા આપેલ નથી અને સતત પોતે કરેલા કરારનુ પાલન કરવા માટે સમય વ્યતિત કરતા હોય તેમજ રજી. દસ્તાવેજ ન કરી આપતા હોય માટે આ કામના પ્રતિવાદી વાદીને દસ્તાવેજ નથી કરી આપવો તેમજ આ બાબતે કોઈપણ પ્રકારની વાત કરશો તો ખોટા કેસમાં ફિટ કરી દેશુ તેમજ ખોટી ફરીયાદો કરવાની ધમકી આપેલ હોય અને દસ્તાવેજ કરી આપતા ન હોય માટે આ અરજી લાવવાની ફરજ પડેલ છે. આમ પ્રતિવાદીએ કરી આપેલ રજી. સાટાખત અને તેની શરતોને આધીન અમો વાદી પાકો વેચાણ દસ્તાવેજ કરી લો અને બાકીની અવેજની રકમ આપી દેવા વાદી તૈયાર હોવા છતા આ કામના પ્રતિવાદી દાવાવાળી ખેડવાણ જમીનનો પાકો દસ્તાવેજ કરી આપવા ન હોય પરીણામે સાટાખત કરારના પાલનનો ભંગ થતો હોય તેમજ પ્રતિવાદીએ દાવાવાળા સાટાખત કરારનુ પાલન ન કરવા માંગતા હોય અને કરેલ રજી. કરારનુ સરેઆમ ભંગ કરતા હોય માટે કરાર પાલન સંબંધે હાલનો આ અરજી આપ. નામદાર સાહેબ સમક્ષ લાવવાની ફરજ પડેલ છે. આ કામના પ્રતિવાદીએ દાવાવાળી મિલકત રજી. સાટાખત વાદીને બે સાક્ષીઓની હાજરીમાં સબ રજીસ્ટર સાહેબ સમક્ષ રૂબરૂ કરી આપેલ હોય અને આજની તારીખે પણ અમલમાં હોય તેમજ આ કામના પ્ર તિવાદીએ સદરહુ સાટાખત સમયે બાનાની રકમ રોકડેથી ચુકવેલ છે. આ સંજોગોમાં દાવાવાળી જમીનનુ સાટાખત અમલમાં હોવા છતા આ કામના પ્રતિવાદીએ અન્યને ગેરકાયદેસર રીતે પુરેપુરુ વેચાણ કરી નાએ તેવી અમો વાદીને પુરેપુરી દહેશત હોય જેથી હાલના દાવામાં વિજ્ઞાપન અને કાયમી મનાઈ હુકમ દાદ પણ વાદી માંગવા તથા મેળવવા હકકદાર છીએ. આ કામે અમારી વચગાળાની મનાઈ હુકમની અરજી મુજબ આ કામે વાદીને જો વચગાળાનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો નાણામાં ન આંકી શકાય તેવુ નુકશાન જાય તેમ છે. તેમજ આ કામે રજુ થયેલ તમામ પુરાવાઓ વાદીની તરફેણમાં હોય તેમજ

અગવડતા સગવડતાના તમામ પલ્લા વાદીના તરફેણમાં હોય માટે અમારી નીચે મુજબની દાદ મંજુર કરવા અરજ છે. સબબ આ અરજી લાવી દાદ માંગવાની કે: આ કામના પ્રતિવાદી દાવાવાળી પારા નં.૧ માં દર્શાવેલ મિલકતનું તેઓ જાતે કે તેમના નોકર, એજન્ટ, મુખત્યાર, કુંટુંબીજનો કે અન્ય કોઈ મારફતે સદરહુ વાદ વાળી મિલકત અન્ય કોઈને વેચાણ કે અન્ય રીતે ટ્રાન્સફર , ગીરો , બોજો કરે કરાવે નહી તેમજ સદરહુ મિલકતની ચર્તુસીમામા ફેરફાર કરાવે નહી. તેમજ સદરહુ મિલકતના રેવન્યુ રેકર્ડમાં કોઈપણ જાતનો ફેરફાર કરાવે નહી તેવો વચગાળાનો મનાઈ હુકમ ફરમાવવા અરજ છે.

(૩) આ કામે વાદીએ તેમની દાવા અરજી અને મનાઈ અરજીના સમર્થનમાં આંક–૩ ની દસ્તાવેજી યાદીથી નીચે મુજબના કુલ ૨ દસ્તાવેજો રજુ રાખેલ છે.

અનુ.	**નિશાની**	**દસ્તાવેજની વિગત**
૧.	૩/૧	વાદી જોગ પ્રતિવાદીએ કરી આપેલ રજી.સાટાખત અનુ નં.૨૫૫૯/૨૦૧૭
૨.	૩/૨	પ્રતિવાદી ધ્વારા કરવામાં આવેલ કેવિયેટ અરજી–૨૦૧૭

(૪) આ કામે રેકર્ડ જોતાં પ્રતિવાદીઓને નોટીસની કાયદેસરની બજવણી થયેલ છે. તેમના વકીલશ્રી સાથે આ કામે હાજર થઈને આંક–૦૮ થી પ્રતિવાદીઓએ સંયુકત વાંધા જવાબ વાદીના દાવા અને મનાઈ અરજીનો જવાબ રજુ રાખેલ છે.

આ કામે પ્રતિવાદી તરફે આંક–૦૮ થી દાવા અને મનાઈ અરજીનો લેખિત જવાબ રજુ રાખવામાં આવેલ છે. પ્રતિવાદીઓ તરફે રજુ સંયુકત વાંધા જવાબમાં મુખ્યત્વે વાદીના દાવા અને મનાઈ અરજીમાં જણાવેલ હકીકતોનો મુખ્યત્વે ઈન્કાર કરવામાં આવેલ છે. પ્રતિવાદીએ તેમના દાવા જવાબમાં મુખ્યત્વે જણાવેલ છે કે , પ્રતિવાદી પીપળી તા.મોરબી ખાતે રહેશે અને ખેતીનુ કામકાજ કરી, તેઓના કુંટુંબનુ જીવન નિર્વાહ કરી રહેલ છે. પ્રતિવાદીના ખાતે દાદાવાળી ખેડવાણ જમની જે આવેલ છે તે જમીન ઉતરોતર વારસાઈ માં મળેલ છે. આમ પ્રતિવાદી એકલા ને સદરહુ ખેડવાણ જમીન વેચવા સાટવા નો કોઈ કાયદેસર રીતે હકક કે અધિકાર મળતો જ નથી. જેની નોંધ લેવા અરજ છે. પ્રતિવાદી ને મોરબી માં રહેતા અને જમીન નુ દલીલ નુ કામ કરતા રાજેશભાઈ અમરશીભાઈ પોમલ મળેલા અને તેઓએ પ્રતિવાદીની જમીન નુ વેચાણ કરવુ છે કે કેમ તેવુ તેમના તરફથી પુછવા માં આવેલ અને સદરહુ જમીન ના ગ્રાહક ને રૂબરૂ તેવો પાસે એક ગ્ર ાહક છે.તેવુ જણાવતા પ્રતિવાદી જમીન ના ગ્રાહક ને રૂબરૂ તેવો પાસે લઈ આવવા નુ જણાવતા તે વખતે પ્ર તિવાદીએ જમીન પ્રતિ વીઘા રૂા.૪૦,૦૦,૦૦૦/– લેખે તેમને વેચાણ આપવી છે. અને તે ભાવ થી કોઈ જમીન વેચાણ માટે હોય તો તેવા ગ્રાહક ને લઈ પ્રતિવાદી પાસે આવવુ તેવી વાત સદરહુ દલાલ ને જણાવેલ

અને તે વાતચીત ના આધારે દલાલ રાજેશભાઈ અમરશીભાઈ પોમલ સાથે વાદી પ્રતિવાદી ને મળેલા અને પ્રતિવાદીએ સદરહુ જમીન પ્રતિ વીઘા રૂા.૪૦,૦૦,૦૦૦/– લેખે વેચાણ કરવા અંગે ની સંમતી આપેલી અને તે વખતે વાદી પાસે દાવાવાળી જમીનના ટોટલ અવેજ ની રકમ હાલ પુરતી વાદી થી થઈ શકે તેમ નથી. તેથી વાદીએ પ્રતિવાદી સાથે તેવા કારણોસર સોદાખત નુ લખાણ કરવાની અને સુથી ની રકમ ટોટો અવેજ પેટે રૂા.૨,૯૦,૦૦૦/– પ્રતિવાદી ને ચુકવશે અને સોદાખતનુ લખાણ વાદી તૈયાર કરી તે તા.૧૮/૦૩/૨૦૧૭ ના રોજ સાથે લેતા આવશે અને તૈયાર મોરબી સેવા સદન આતે મજકુર જમીનના કાગળો વાદી ને પ્રતિવાદી બતાવવા માટે લેતા આવશે. તેવી વાતચીત જમીનના દલાલ અને વાદી ને પ્રતિવાદી ને કરેલી. આ કામ ના વાદી તથા જમીન ના દલાલ રાજેશભાઈ તા.૧૮/૦૩/૨૦૧૭ ના રોજ પ્રતિવાદીના ઘરે પીપળી ગામે ગયેલા અને અગાઉ થયેલ વાતચીત મુજબ વાદીને ભરોષો અને વિશ્વાસ આપી પ્રતિવાદી ને સેવા સદન ખાતે તે મુજબનુ લખાણ કરવુ પડશે અને ત્યાં નોટરી બેસે છે. તેમ જણાવી પ્રતિવાદીને તેનો ફોટોગ્રાફસ સાથે લઈ આવવા નુ જણાવેલ. આમ પ્રથમ મીટીંગ ના અનુસંધાને વાદીની વાતચીત ઉપર પ્રતિવાદી ને ભરોષો અને વિશ્વાસ મુકી વાદી તથા પ્રતિવાદી સેવા સદન મોરબી ખાતે આવેલા અને તે સમયે વાદીએ પ્રતિવાદી ને નોટરી ભટ્ટ સાહેબ ના ટેબલ પાસે બેસાડી ને વાદીએ પ્રતિવાદી ને જણાવેલ કે હું થોડીવાર રાહ જુઓ સ્ટેમ્ટ પેપર ખરીદી ને લખાણ ટાઈપ કરાવી ને લેતો આવુ છુ. તેવી વાતચીત કરી વાદી આશરે ૧:૩૦ કલાક પછી તૈયાર સ્ટેમ્પ પેપર ઉપર લખાણ કરી ને લાવેલા અને તે વખતે વાદીએ પ્રતિવાદીને જણાવેલ કે જલ્દી ચાલો સબ રજીસ્ટ્રાર કચેરી માં આ લખાણ ની નોંધણી કરાવવાની છે અને તમારો ત્યાં ફોટો પાડવાનો છે. આથી પ્રતિવાદીએ વાદી પાસે થી સ્ટેમ્પ પેપર નુ લખાણ પહેલા વાંચવા આપી. તેમ જણાવતા વાદી અને જમીન ના દલાલ રાજેશભાઈ અમરશીભાઈ પોમલે પ્રતિવાદીને જણાવેલ કે '' જલ્દી સબ રજીસ્ટાર ની કચેરીમાં આવો અને આ સુથી ની રકમ વાદીના થેલા માં પડેલી છે અને તે રકમ પણ વાદીએ પ્રતિવાદીને બતાવેલી અને લખાણ વાંચવા ની શું જરૂર છે. આપણે અગાઉ વાતચીત થયા મુજબ નુ લખાણ છે. જેથી વાદી અને જમીન ના દલાલ ની વાત ઉપર ભરોષો અને વિશ્વાસ મુકી પ્રતિવાદી વાદી અને દલાલ સાથે સબ રજીસ્ટાર કચેરીમાં ગયેલા અને વાદીઓ જે લખાણ સ્ટેમ્પ પેપર મા લખાણ કરી લાવેલા. તે તેમાં પ્રતિવાદીએ સહી કરી આપેલી આમ સાટાખત માં તે રીતે પ્રતિવાદી ને કોઈ સમજી વાંચી વિચારી સહી તેમની કરેલ નહી પરંતુ વાદી ઉપર ભરોસો રાખી ને તેનુ સબ રજીસ્ટાર સાહેબ રૂબરૂ સઘળી વાત કરેલી. આમ પ્રતિવાદી વાદી તથા તેના મળતીયા ની વાત માં અંજાઈ જઈ ને સાટાખત માં સહી વિગેરે કરી આપેલી. ત્યારબાદ સાટાખત નો દસ્તાવેજ થયા બાદ વાદીએ પ્ર

તિવાદી ને એવુ જણાવેલ કે તમે સેવા સદન માં બેસો મારી ગાડી માં બીજા રૂપીયા પડેલ છે. તે લઈ તે તમને આપી દઈએ છીએ. તેમ કહી વાદી તથા દલાલ રાજેશભાઈ ત્યાં થી સાટાખત ની અવેજ ની રકમ ચુકવ્યા વગર નીકળી ગયેલા અને ઘણો સમય થવા છતા, વાદી તથા દલાલ પ્રતિવાદી પાસે આવેલા નહી. જેથી પ્રતિવાદીએ વાદીને બહાર નિકળી ને પણ જોયેલા નહી. જેથી વાદીની હાલની અરજી સી.પી.સી ઓર્ડર–૩૯,રુલ–૧,૨ તથા કલમ–૧૫૧ ની જોગવાઈઓ વિરુધ્ધ ની હોય .જેથી રદ થવાને પાત્ર છે. વાદીની હાલની આ અરજી પરત્વે ના વાંધાઓ માહે ની રીપીટેશન નિવારવાના શુભઆશ્રય થી પ્રતિવાદી નો ઉપરોકત દાવા જવાબ હાલની અરજી ના નિકાલ વખતે ધ્યાને તથા વંચાણે લેવા અરજ છે. વાદીનો દાવો કોઈપણ રીતે કે પ્રકારે ટકવા પાત્ર થતો નથી. ત્યારે વાદીની માંગણી મુજબ ની કોઈ વચગાળાની દાદ માંગવા કે મેળવવા હકકદાર થતા ન હોય. જેથી અરજી રદ થવાને પાત્ર છે. વાદીએ હાલની આ અરજી કાયદાકીય પ્ર ોવીઝનો ની જોગવાઈઓ વિરુધ્ધ ફ્રોડ થી ઉભા કરેલા લખાણ ઉપર આધાર રાખી કરેલ છે. જેથી રદ થવાને પાત્ર છે. વાદીને વચગાળા ના સ્ટેજે માંગણી મુજબ ની કોઈ દાદ મંજુર કરવા થી આખરી દાદ મળી જતી હોય. જેથી. તેવા કારણોસર અરજી રદ થવાને પાત્ર છે. વાદીની હાલની અરજી પરત્વે આ ત્રણેય આવશ્યક તત્વો દર્શાવવા માં પ્રાથમીક રીતે વાદીઓ નિષ્ફળ રહેલ હોય. જેથી તેવા કાયદેસરના કારણોસર વાદીની અરજી રદ થવા ને પાત્ર છે. વાદી આપ નામ. અદાલત સમક્ષ સમન્યા ની દાદ મેળવવા કે માંગવા અં ગે ચોખ્ખા હાથે આવેલ નથી. તેથી વાદીની હાલની અરજી રદ થવાને પાત્ર છે. વાદી પક્ષે જે દસ્તાવેજી પુરાવાઓ તથા સોગંદનામાઓ રજુ કરેલ છે. તે વાદી ની તરફેણ કરતા નથી. પરંતુ પ્રતિવાદી ને સબળ સમર્થનકર્તા છે. જેથી તેવા દસ્તાવેજી પુરાવાઓ વાદીઓની તરફેણમાં ધ્યાને ન લેવા બલકે પ્ર તિવાદી ની તરફેણ માં ધ્યાને લો અરજ છે. વાદીની હાલની આ અરજી નો નેચર જોતા વાદીઓ ને કોઈ નાણા માં ન આંકી શકાય તેવુ કાયદેસર ની મીલકત પરત્વે નુ નુકશાન થવા નો સંભવ જ નથી. જેથી પણ હાલની આ અરજી રદ થવાને પાત્ર છે.

(૫) આ કામે પ્રતિવાદીનાઓએ તેમના દાવા જવાબના સર્મથનમાં આંક–૦૯ ની દસ્તાવેજી યાદીથી નીચે મુજબના કુલ ૨ દસ્તાવેજો રજુ રાખેલ છે.

અનુ.	**નિશાની**	**દસ્તાવેજની વિગત**
૧	૯/૧	પીપળી તા.મોરબીના ગામ નમુના નં.૬ પટેલ વાઘા જીણાની દીકરાઓ વચ્ચેના ભાયુભાગની રેવન્યુ નોંધ નંબર ૫૭૪
૨	૯/૨	પ્રતિવાદીએ જીલ્લા પોલીસ અધિકારી સાહેબને છેતરપીંડી વિશ્વાસઘાત કરેલ

		ફરીયાદ

(૬) આ કામે પ્રતિવાદીઓના આંક–૦૮ થી રજુ દાવા જવાબની સામે વાદી તરફે આંક–૧૪ થી કાઉન્ટર એફિડેવીટ રજુ રાખેલ છે. વાદી તરફે રજુ કાઉન્ટર એફિડેવીટમાં મુખ્યત્વે એવુ જણાવેલ છે કે ,પ્રતિવાદીએ સોદાખત કરી આપ્યા બાદ યેન કેન પ્રકારે કરાર પાલન ના કરતા હોય તે હકીકત છે અને હાલ પ્રતિવાદીના જવાબ પરથી જ સ્પષ્ટ થતુ હોય કે તેઓ કરાર પાલન કરવા માટે તૈયાર નથી જયારે અમો વાદી હર હંમેશ કરાર પાલન કરવા માટે રાજી અને તૈયાર છીએ નામદાર કોર્ટ હુકમ કરે તો અમો નામદાર કોર્ટમાં બાકી રહેતી રકમ જમા કરી આપવા માટે તૈયાર છીએ.આ જમીન મોરબી તાલુકાના ગામ પીપળી ના રે.સ.નંબર ૧૫૫ પૈકી ૨ ના એ.આરે.ચો.મી.૨–૮૩–૨૮ વાળી ખેડવાણ જમીન છે તે પ્રતિવાદીના નામે આવેલ છે. આ જમીન પ્રતિવાદીના નામે આવેલ છે પ્રતિવાદીએ જમીન વેચવા દલાલ થ્રુ તેમનો કોન્ટેક કરેલો. તેઓ જગ્યા લેવા માટે તૈયાર હોઈ સોદો ફાઈનલ થયેલ. વાતચીત થયા બાદ સોદાખત કરાવેલ હતું. પ્રતિવાદીને અરજન્ટ પૈસાની જરૂર હોઈ તેમણે બધી વાતચીત કરી સુથીની રકમ સ્વીકારેલ. બે સાક્ષીની હાજરીમાં તેમના ઘરે પ્રથમ સુથીની રકમ આપેલ ત્યારબાદ બીજી રકમ સોદાખત કર્યા બાદ ત્યાં સબ રજીસ્ટ્રાર ઓફિસમાં જ આપેલ. અમો વાદી જે તે સમયે બાકીની બધી રકમ આપવા તૈયાર હતા અને હાલ પણ તૈયાર છીએ.રજીસ્ટ્રેશન એકટ મુજબ કાયદેસરનો કરાર છે. પ્રતિવાદી કરાર પાલનમાંથી બચવા માટે ખોટી હકીકતો જણાવે છે. પ્રતિવાદી બીજાને જમીન વેચી નાખે તો મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીંગ થાય વાદીને નાણામાં ન આંકી શકાય તેવું નુકશાન થાય તેમ હોઈ આંક–૫ ની અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૭) આ કામે વાદીએ તેમની આંક – ૫ ની અરજી મુજબ અને પ્રતિવાદીએ તેમના દાવા જવાબ મુજબની તેમની રજુઆત છે તેમ જણાવેલ છે.

વાદીએ તેમની રજુઆતના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે.

(૧) એ.આઈ.આર. ૧૯૭૪ બોમ્બે હાઈકોર્ટ પાના નં.૩૧૯

(૨) એ.આઈ.આર.૧૯૭૨ અલ્હાબાદ હાઈકોર્ટ પાના નં.૪૧૮

(૩) એ.આઈ.આર.૧૬૯ મૈસુર હાઈકોર્ટ પાના નં.૨૩૭

(૪) એ.આઈ.આર.૧૯૮૨ ગુજરાત હાઈકોર્ટ પાના નં.૨૮૯

આ કામે પ્રતિવાદીએ તેમની રજુઆતના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે.

(૧) જી.એલ.આર. ૧૯૯૯(૧)પાના નં.૩૭૩

(૨) ૨૦૨૦(૧)જી.એલ.એચ.પાના નં.૭૮૬

(૩) એ.આઈ.આર.૧૯૫૬ પંજાબ હાઈકોર્ટ પાના નં.૨૪૦

(૪) ૧૯૯૮(૧) જી.એલ.આર. પાના નં.૯૦

(૦૮) વાદીની આંક–૫ ની અરજી તથા પ્રતિવાદી તરફે રજુ દાવા જવાબ,વાદી તરફે રજુ કાઉન્ટર એફિડેવીટ તથા બંને પક્ષકારોની રજુઆત આધારે હાલની અરજીનાં આખરી નિકાલ માટે નીચે મુજબનાં મુદાઓ ઉપસ્થિત થાય છે.

મુદા:–

(૧) શું વાદી તેમનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરે છે ?

(૨) શું સગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે ?

(૩) શું વાદીને માંગ્યા મુજબ કામચલાઉ મનાઈહુકમ આપવામાં નહી આવે તો નાણાંથી ભરપાઈ ન થાય તેવુ નુકસાન થવાનો સંભવ છે ?

(૪) શું હુકમ ?

(૦૯) ઉપરોકત મુદાઓનાં નિર્ણયો હવે પછી કરવામાં આવેલ ચર્ચા આધારે નીચે મુજબ છે.

નિર્ણયો:–

(૧) હકારમાં.

(૨) હકારમાં.

(૩) હકારમાં

(૪) આખરી હુકમ મુજબ.

(૧૦) ઉપરોકત નિર્ણયોનાં કારણો નીચે મુજબ છે.

::– કારણો ::–

મુદા નંબર ૧ થી ૩:–

મુદા નં.૧ થી ૩ ની હકીકત પરસ્પર એકબીજા સાથે સંકળાયેલી હોઈ એકની એક હકીકતનું પુનરાર્વતન ટાળવાના હેતૂથી મુદા નં.૧ થી ૩ ચર્ચા એકસાથે કરવામાં આવી છે.

કાયદાનો સુસ્થાપિત સિધ્ધાંત છે કે જયારે પક્ષકારો સી.પી.સી. ઓર્ડર– ૩૯ રૂલ–૧, ૨ સાથે વાંચતા કલમ ૧૫૧ અન્વયે દરમિયાન મનાઈહુકમની માંગણી કરતા હોય ત્યારે પોતાનો પ્રાઈમા ફેસી

કેસ છે અને મનાઈહુકમ આપવામાં ન આવે તો નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન જાય તેમ છે અને સગવડતા અગવડતાનું ધોરણ તેમની તરફેણમાં છે તે પ્રસ્થાપિત કરવુ પડે, સાથે સાથે જયારે સમન્યાયની દાદ માંગતા હોય ત્યારે દરેક પક્ષકારે ના. કોર્ટ સમક્ષ સ્વચ્છ હાથે આવવુ પડે.

કામચલાઉ મનાઈહુકમ મળવા માટેની દાદ એ સમન્યાયની દાદ જણાય છે અને સમન્યાયની દાદ લેવા આવનાર પક્ષકારે સામાપક્ષ સાથે પણ સમન્યાયભર્યુ વર્તન કરવાનું ફરજિયાત રહે છે. આ અરજીનો નિર્ણય કરતી વખતે અદાલતે રેકર્ડ ઉપર આવેલ હકીકતોનું પુરાવાજન્ય મુલ્યાંકન કરવાનુ હોતુ નથી પરંતુ જે હકીકતો રેકર્ડ ઉપર આવી હોય તે આધારે પક્ષકારો વચ્ચે ટ્રાયેબલ ઈસ્યુ છે કે કેમ ? તે સબંધે નિર્ણય કરવાનો હોય છે અને જો અદાલતનું તારણ એવુ થાય કે પક્ષકારો વચ્ચે ટ્રાયેબલ ઈસ્યુ છે કે જેનો નિર્ણય દાવાનાં અંતે પુરાવો લીધા બાદ ગુણદોષ આધારે જ આવી શકે તેવી સ્થિતિ છે તેવા સંજોગોમાં અદાલત દાવાવાળી મિલકત દાવાનાં આખરી નિકાલ સુધી પ્રોટેકટ કરવા વિગેરે બાબતો અંગેનો હુકમ કરી શકે. દરમિયાન મનાઈહુકમની માંગણી કરનાર પક્ષકારે ઉપર મુજબનાં ત્રણેય આવશ્યક તત્વો તેની તરફેણમાં હોવાનુ પુરવાર કરવુ પડે.

(૧૧) આ કામે વાદી તરફે રજુ દાવા અરજી , મનાઈ અરજી, રજુ કાઉન્ટર એફિડેવીટ વંચાણે તથા ઘ્યાને લીધુ. વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો વંચાણે લીધો તથા પ્રતિવાદીઓ તરફે રજુ દાવા અને અરજીનો જવાબ તથા દસ્તાવેજી યાદીથી રજુ દસ્તાવેજો ઘ્યાને લીધા, તથા વાદી તેમજ પ્રતિવાદીઓ તરફે રજુ ચુકાદાઓ વંચાણે તથા ઘ્યાને લીધા.

આ કામે વાદી તરફે તેમની દાવા અને મનાઈ અરજી તેમજ રજુ દસ્તાવેજી પુરાવા આધારે મુખ્યત્વે રજુઆત એવી છે કે, આ કામના પ્રતિવાદીએ વાદીને કુલ વેચાણ કિંમત રકમ રૂા.૧ ૦,૦૦,૦૦૦/- માં દાવાવાળી મિલ્કત વેચાણ આપવાનુ નકકી કરી મોરબી સબરજીસ્ટ્રાર સાહેબ સમક્ષ તા.૧૮-૦૩-૨૦૧૭ ના રોજ રજી. સાટાખત અનુ નં.૨૫૫૯ થી વાદી જોગ આ કામના પ્રતિવાદીઓ વેચાણ કરવા માટે સાટાખત કરી આપેલ હતુ અને સાટાખત વખતે વાદીએ આ કામના પ્રતિવાદીઓને સાટાખત અવેજ પેટે બાનાની રકમ રૂા.૨,૯૦,૦૦૦/- રોકડેથી ચુકવી આપેલ હતા અને જે રકમ આ કામના પ્ર તિવાદીએ સ્વીકારી લીધેલ હતી. આમ ઉપરોકત વિગતથી તેઓએ બાનાની રકમ ચુકવી આપેલ હતી અને બાકી રહેતી રકમ રૂા.૭,૧૦,૧૦૦/- ચુકવ્યે થી પાકો વેચાણ દસ્તાવેજની કરી આપવાની હકીકતે આ કામના પ્રતિવાદીએ દાવાવાળી ખેડવાણ જમીન વેચાણ આપવાનુ નકકી કરીને સાટાખત રજીસ્ટર કરાવી આ

પ્યા બાદ દસ્તાવેજ થવાનો સમય આવતા તેઓએ સાટાખતની શરતો મુજબ આ કામના પ્રતિવાદીને બાકીની રકમ સ્વીકારી દસ્તાવેજ કરી આપવા માટે અવાર નવાર જાણ કરવા છતા આ કામના પ્રતિવાદીએ વાદી જોગ દાવાવાળી ખેડવાણ જમીનનો વેચાણ દસ્તાવેજ કરી આપેલ નહી અને આ કામના પ્રતિવાદીએ અવાર નવાર જુદા જુદા બહાનાઓ બતાવી ખોટો અને વ્યર્થ સમપ આપતા ગયેલ. ત્યારબાદ વાદી જોગ આ કામના પ્ર તિવાદીએ કરી આપેલ સાટાખતના આધારે વાદીએ પ્રતિવાદીએ બાકીનો અવેજ સ્વીકારી દસ્તાવેજ રજી. કરાવી આપવા માટે જણાવેલ હતુ. પરંતુ આ કામના પ્રતિવાદીએ અત્યાર સુધી સદરહુ ખેડવાણ જમીનનો પાકો દસ્તાવેજ કરી આપેલ નહી તેમજ દસ્તાવેજ કરી આપવા માટે યોગ્ય જવાબ કે ચોકકસ સમય પ્ર તિવાદીએ વાદીને આપેલ નથી. તેમજ સદરહુ મિલકત બાબતે મિલકતની ટાઈટલ ફાઈલ તેમજ ડોકયુમેન્ટો પણ પ્રતિવાદી પાસેથી માંગવા છતા આપેલ નથી અને સતત પોતે કરેલા કરારનુ પાલન કરવા માટે સમય વ્યતિત કરતા હોય તેમજ રજી. દસ્તાવેજ ન કરી આપતા હોય માટે હાલનો દાવો કરારના પાલન માટે તેમજ તે દરમિયાન પ્રતિવાદી દાવાવાળી મિલકતનું વેચાણ કરે નહી તે માટે મનાઈ હુકમ મેળવવા માટે લાવેલ છે.

(૧૨) સામા પાક્ષે પ્રતિવાદી તરફે મુખ્યત્વે એવી રજુઆત કરવામાં આવેલ છે કે , દલાલ રાજેશભાઈ અમરશીભાઈ પોમલ સાથે વાદી પ્રતિવાદી ને મળેલા અને પ્રતિવાદીએ સદરહુ જમીન પ્રતિ વીઘા રૂા.૪૦,૦૦,૦૦૦/– લેખે વેચાણ કરવા અંગે ની સંમતી આપેલી અને તે વખતે વાદી પાસે દાવાવાળી જમીનના ટોટલ અવેજ ની રકમ હાલ પુરતી વાદી થી થઈ શકે તેમ નથી. તેથી વાદીએ પ્રતિવાદી સાથે તેવા કારણોસર સોદાખત નુ લખાણ કરવાની અને સુથી ની રકમ ટોટો અવેજ પેટે રૂા.૨,૯૦,૦૦૦/– પ્રતિવાદી ને ચુકવશે અને સોદાખતનુ લખાણ વાદી તૈયાર કરી તે તા.૧૮/૦૩/૨૦૧૭ ના રોજ સાથે લેતા આવશે અને તૈયાર મોરબી સેવા સદન આતે મજકુર જમીનના કાગળો વાદી ને પ્રતિવાદી બતાવવા માટે લેતા આવશે. તેવી વાતચીત જમીનના દલાલ અને વાદી ને પ્રતિવાદી ને કરેલી. આ કામ ના વાદી તથા જમીન ના દલાલ રાજેશભાઈ તા.૧૮/૦૩/૨૦૧૭ ના રોજ પ્રતિવાદીના ઘરે પીપળી ગામે ગયેલા અને અગાઉ થયેલ વાતચીત મુજબ વાદીને ભરોષો અને વિશ્વાસ આપી પ્રતિવાદી ને સેવા સદન ખાતે તે મુજબનુ લખાણ કરવુ પડશે અને ત્યાં નોટરી બેસે છે. તેમ જણાવી પ્રતિવાદીને તેનો ફોટોગ્રાફસ સાથે લઈ આવવા નુ જણાવેલ. આમ પ્રથમ મીટીંગ ના અનુસંધાને વાદીની વાતચીત ઉપર પ્રતિવાદી ને ભરોષો અને વિશ્વાસ મુકી વાદી તથા પ્રતિવાદી સેવા સદન મોરબી ખાતે આવેલા અને તે સમયે વાદીએ પ્રતિવાદી ને નોટરી ભટ્ટ સાહેબ ના ટેબલ પાસે બેસાડી ને વાદીએ પ્રતિવાદી ને જણાવેલ કે હું થોડીવાર રાહ જુઓ સ્ટેમ્ટ પેપર ખરીદી ને લખાણ ટાઈપ કરાવી ને લેતો આવુ છુ. તેવી વાતચીત કરી વાદી આશરે ૧:૩૦ કલાક પછી તૈયાર સ્ટેમ્પ પેપર ઉપર લખાણ

કરી ને લાવેલા અને તે વખતે વાદીએ પ્રતિવાદીને જણાવેલ કે જલ્દી ચાલો સબ રજીસ્ટ્રાર કચેરી માં આ લખાણ ની નોંધણી કરાવવાની છે અને તમારો ત્યાં ફોટો પાડવાનો છે. આથી પ્રતિવાદીએ વાદી પાસે થી સ્ટેમ્પ પેપર નુ લખાણ પહેલા વાંચવા આપી. તેમ જણાવતા વાદી અને જમીન ના દલાલ રાજેશભાઈ અમરશીભાઈ પોમલે પ્રતિવાદીને જણાવેલ કે '' જલ્દી સબ રજીસ્ટાર ની કચેરીમાં આવો અને આ સુથી ની રકમ વાદીના થેલા માં પડેલી છે અને તે રકમ પણ વાદીએ પ્રતિવાદીને બતાવેલી અને લખાણ વાંચવા ની શું જરૂર છે. આપણે અગાઉ વાતચીત થયા મુજબ નુ લખાણ છે. જેથી વાદી અને જમીન ના દલાલ ની વાત ઉપર ભરોષો અને વિશ્વાસ મુકી પ્રતિવાદી વાદી અને દલાલ સાથે સબ રજીસ્ટાર કચેરીમાં ગયેલા અને વાદીઓ જે લખાણ સ્ટેમ્પ પેપર મા લખાણ કરી લાવેલા. તે તેમાં પ્રતિવાદીએ સહી કરી આપેલી આમ સાટાખત માં તે રીતે પ્રતિવાદી ને કોઈ સમજી વાંચી વિચારી સહી તેમની કરેલ નહી પરંતુ વાદી ઉપર ભરોસો રાખી ને તેનુ સબ રજીસ્ટાર સાહેબ રૂબરૂ સઘળી વાત કરેલી. આમ પ્રતિવાદી વાદી તથા તેના મળતીયા ની વાત માં અંજાઈ જઈ ને સાટાખત માં સહી વિગેરે કરી આપેલી. અને વાદી પ્રતિવાદીને રૂપિયા આપ્યા વગર જ જતા રહેલા તેવી હકીકત તેમણે જણાવેલ છે.

(૧૩) આ કામે વાદી તરફે નિ.૩/૧ થી રજુ રાખવામાં આવેલ કબજા રહિતનો સાટાખતનો કરાર ધ્યાને લેતાં જણાઈ આવે છે કે , ઉપરોકત કરાર આ કામની દાવાવાળી મિલ્કતના સંદર્ભમાં હાલના વાદી અને પ્રતિવાદી વચ્ચે સબ રજીસ્ટ્રાર શ્રી ને કચેરીએ તા.૧૮/૩/૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ છે. ઉપરોકત સાટા ખતના કરારમાં બંને પક્ષકારોએ સાક્ષીઓ તેમજ અધિકારીની રૂબરુમાં તેમની સહીઓ કરેલ છે. કાયદા મુજબની તમામ પ્રક્રિયા અનુસરીને સાટાખતની નોંધણી કરી આપવામાં આવેલ છે. સાટા ખતની નોંધણી ના સંદર્ભમાં પ્રતિવાદી તરફે કોઈ તકરાર નથી , સાટાખત માંની તેમની સહી બાબતે તેમની કોઈ તકરાર નથી. પરંતું તેમના આંક-૮ થી રજુ દાવા જવાબના પેરા ૨૦ અને ૨૧ માં તેમણે જે કથન કરેલ છે તે મુજબ , તેમને વાદીએ કોઈ રકમની ચુકવણી કરેલ નથી. તેમણે સાટા ખતમાં વાંચી વિચારીને સમજીને તેમણે સહી કરેલ નહી પરંતું વાદી ઉપર ભરોસો રાખીને તથા તેમના મળતિયાની વાતમાં આવીને અંજાઈને સાટા ખતમાં સહી કરી આપેલ. પ્રતિવાદીએ પોતાની માલિકીની દાવાવાળી જમીનના વ્યવહાર કરતી વખત સમજયા , વાંચ્યા , વિચાર્યા વગર સહીઓ કરેલ હોય તેવી હકીકત પ્રથમિક દૃષ્ટિએ માનવા યોગ્ય જણાઈ આવતી નથી. જો તેમના જણાવ્યા મુજબની વિગતે કોઈ બનાવ બનેલ હોય, તો સાટા ખતની નોંધણી અગાઉ તેઓ સબ રજીસ્ટ્રારશ્રીનું આ બાબતે ધ્યાન દોરી શકેલ હોત. પ્રતિવાદી તરફે નિ.૩/૨ થી તેમની સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત થયેલ તેવી જીલ્લા પોલીસ વડા મોરબીને ઉદૃેશીને લેખિત ફરીયાદ

કરવામાં આવેલ તેની નકલ રજુ રાખેલ છે. તે ધ્યાને લેતાં તે ફરીયાદ તેમણે સાટા ખતનો કરાર થવાના ૧૦ દિવસ બાદ કરેલ છે. સ્વાભાવિક રીતે જો કોઈ વ્યકિત સાથે ઉપરોકત વિગતે છેતરપીંડી અને વિશ્વાસઘાત થયેલ હોય તો તે અંગેની ફરીયાદ તે જ દિવસે અથવા પછીના દિવસે જ કરવામાં આવેલ હોય. તે જોતાં પ્રતિવાદી તરફે જે ઉપરોકત બચાવ લેવામાં આવેલ છે , તે પ્રાથમિક દૃષ્ટિએ હાલના તબકકે માનવા યોગ્ય જણાઈ આવતો નથી. જયારે વાદી તરફે નિ.૩/૧ થી રજુ સાટા ખતનો કરાર ધ્યાને લેતાં, તે કરાર તેમાં જણાવ્યા મુજબની વિગતે અને તે રીતે જ પ્રતિવાદીએ , વાદીની તરફેણમાં કરી આપેલ હોય તેવું પ્રાથમિક દૃષ્ટિએ જણાઈ આવે છે. તે સંજોગોમાં વાદીનો પ્રથમદર્શનીય કેસ હોવાનું ઠરાવવામાં આવે છે, તેથી મુદ્દાં.૧ નો જવાબ હકારમાં આપું છું.

(૧૪) આમ ઉપરોકત તમામ ચર્ચા કર્યા મુજબના સંજોગોમાં મુદ્દાનં.૧ મુજબ વાદી તેમનો પ્રથમ દર્શનીય કેસ હોવાનું પુરવાર કરવામાં સફળ રહેલાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. જયાં સુધી મુદા નં.(૨) અને (૩) નો પ્રશ્ન છે ત્યાં સુધી બન્ને મુદાઓ અગાઉ કરેલ ચર્ચા ઉપર આધારિત છે. આ કામે મૃદ્દાનં. ૨ સગવડતાની સમતુલા વાદીઓના લાભમાં છે કે કેમ ? તે બાબતેનો ઘડવામાં આવેલ છે. તે અંગે જોતાં અગાઉના પેરામાં કરવામાં આવેલ વિસ્તૃત ચર્ચા ના આધારે વાદીનો પ્રથમદર્શનીય કેસ હોવાનું ઠરાવેલ છે. તે સંજોગોમાં જો વાદીની તરફેણમાં મનાઈ હુકમ આપવામાં આવે નહી તો , પ્રતિવાદી ધ્વારા દાવાવાળી મિલ્કતના સંદર્ભમાં અન્ય કોઈ વ્યવહારો કરવામાં આવે તો તે કારણે વાદીને વધુ અગવડતા ભોગવવી પડે તેવું જણાઈ આવે છે. વાદીના લાભમાં મનાઈ હુકમ આપવાથી પ્રતિવાદીને કોઈ અગવડતા પડે તેવું બંને પક્ષકારો તરફે રજુ દસ્તાવેજો અને રજુઆતો જોતાં જણાઈ આવતું નથી. જયારે વાદીના લાભમાં મનાઈ હકુમ આપવામાં નહી આવે તો વાદીને ઘણી અગવડતાઓ ભોગવવી પડે તેમ જણાઈ આવે છે. તે જોતાં સગવડતાનું ધોરણ વાદીઓના તરફેણમાં હોવાનું જણાઈ આવે છે.તેથી મુદ્દાનં.૨ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

(૧૫) આ કામે , પ્રતિવાદી તરફે તેમની રજુઆતના સમતર્થનમાં રજુ રાખેલ જી.એલ.આર. ૧૯૯૯(૧)પાના નં.૩૭૩ ચુકાદો ધ્યાને લેતાં જણાઈ આવે છે કે , તે ચુકાદા વાળા કેસમાં પેરા ૫ માં જણાવ્યા મુજબ તે કેસ કંપની એકટ અન્વયેનો હતો અને તેમાં કંપની બંધ પડેલ હતી અને તેનો ઓફિસીયલ લીકવીડેટરની પણ નિમણૂક કરવામાં આવેલ હતી જયારે હાલના કેસમાં તેવી કોઈ હકીકત કે તેવા સંજોગો નથી તેથી તે ચુકાદો આ કામે લાગુ પડી શકે તેમ નથી. પ્રતિવાદી તરફે ૨૦૨૦(૧

)જી.એલ.એચ.પાના નં.૭૮૬ વાળો ચુકાદો રજુ રાખેલ છે. તે ચુકાદા વાળા કેસમાં નોંધ્યા મુજબ, વાદીની તરફેણમાં કરવામાં આવેલ વેચાણ કરાર અને ત્રાહિત ખરીદનારાઓની તરફેણમાં કરવામાં આવેલ વેચાણખતની તારીખથી પણ નોંધપાત્ર સમય વીતી ગયો હોય તો વાદીની તરફેણમાં મનાઈ હુકમ આપી શકાય નહી. તેમજ .પરોકત ચુકાદા વાળા કેસમાં નોટસ 'બી' મુજબ જયારે દાવાવાળી મિલકત ઉપર વિશાળ બાંધકામ ઉભું કરવામાં આવેલ હોય ત્યારે રજીસ્ટર્ડ વેચાણ ખતના માલિકી વિરૂધ્ધ વચગાળાનો મનાઈ હુકમ આપી શકાય નહી. આમ ઉપરોકત ચુકાદા વાળા કેસની હકીકત અને સંજોગો અને હાલના કેસની હકીકત અને સંજોગો તદ્દન ભિન્ન હોઈ આ કામે રજુ ચુકાદો પ્રતિવાદીને મદદરૂપ થઈ શકે તેમ નથી. તે જ રીતે એ.આઈ.આર.૧૬૯ મૈસુર હાઈકોર્ટ પાના નં.૨૩૭ ઉપર રજુ ચુકાદા વાળા કેસની હકીકત અને સંજોગો અને હાલના કેસની હકીકત અને સંજોગો તદ્દન ભિન્ન હોઈ આ કામે રજુ ચુકાદો પ્રતિવાદીને મદદરૂપ થઈ શકે તેમ નથી પ્રતિવાદી તરફે અન્ય એ.આઈ.આર.૧૯૮૨ ગુજરાત હાઈકોર્ટ પાના નં.૨૮૯ વાળો ચુકાદો રજુ રાખેલ છે તે આધારે જણાવેલ છે કે , વચગાળાની દાદ મંજુર કરતાં ખરેખર આખરી દાદ મંજુર થાય તેમ હોય તો તેવી દાદ મંજુર કરી શકાય નહી. આ કામે વાદીની આંક–૧ થી રજુ દાવા અરજી ના પેરા ૮ માં જે દાદ માગેલ છે તે ધ્યાને લેતાં , હાલની અરજીની દાદ મંજુર કરવાથી વાદીએતેમના દાવામાં માગેલ દાદ મંજુર થઈ જતી હોય તેવુંદ જણાઈ આવતું નથી તેથી ઉપરોકત ચુકાદો આ કામે કોઈ રીતે લાગુ પડતો નથી.

(૧૬) આ કામે મુદ્દાનં.૩ મુજબ શુ વાદી પુરવાર કરે છે કે ,વાદીની તરફેણમાં મનાઈ હુકમ આપવામાં નહી આવે તો વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન જવાની શકયતા છે ? આ કામે અગાઉ વિસ્તારપૂર્વક ચર્ચા કર્યા મુજબ હાલના વાદીની તરફેણમાં મનાઈ હુકમ નહી આપવાથી તેમના કાયદેસરના હકકોને નુકશાન થાય તેવી પુરી શકયતાઓ રહેલી છે અને તે નુકશાન નાણાંમાં ભરપાઈ થઈ શકે નહી તેવું નુકશાન થાય તેવું જણાઈ આવે છે. અગાઉ ચર્ચા કર્યા મુજબની વિગતે આ કામે જો વાદીની તરફેણમાં મનાઈ હુકમ આપવા માં ન આવે તો , વાદી અને પ્રતિવાદી વચ્ચેના સાટા કરારથી વાદીની તરફેણમાં જે હકકો ઉત્પન્ન થયેલ છે તેવા વાદીના કાયદેસરના હકકોનું નુકશાન વાદીને ભોગવવું પડે તેમ છે. આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબના સંજોગો જોતાં વાદીએ હકીકત પુરવાર કરવામાં સફળ રહેલ છે કે, જો મનાઈ હુકમ આપવામાં નહી આવે તો વાદીઓને નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેટલુ નુકશાન થવાની શકયતા છે. આમ, વચગાળાનો મનાઈ હુકમ મળવાના તબકકે વિચારણામાં લેવાપાત્ર થતાં આવશ્યક ત્રણેય તત્વો વાદીની તરફેણમાં હોવાના નિર્ણય ઉપર આવુ છુ. અને તેથી મુદદા નં.(૧) થી (૩) નો નિર્ણય હકારમાં આપુ છુ

તથા ઉપરોકત ચર્ચા કર્યા મુજબની વિગતે કેસની હકકીતો અને સંજોગો ઘ્યાને લઈને મુદદા નં.(૪) મુજબ આખરી હુકમ નીચે મુજબ કરૂ છુ.

::- <u>આખરીહુકમ</u> ::-

(૧) વાદીઓની કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા અંગેની આંક-પ ની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રતિવાદીને એવો હુકમ કરવામાં આવે છે કે, આ કામના પ્રતિવાદી દાવાવાળી હાલની અરજીના પારા નં.૧ માં દર્શાવેલ મિલકતનું તેઓ જાતે કે તેમના નોકર, એજન્ટ, મુખત્યાર, કુંટુંબીજનો કે અન્ય કોઈ મારફતે સદરહુ વાદવાળી મિલકત અન્ય કોઈને વેચાણ કે અન્ય રીતે ટ્રાન્સફર , ગીરો , બોજો કરે કરાવે નહી તેમજ સદરહુ મિલકતની ચતુર્સીમામાં ફેરફાર કરાવે નહી. તેવો પ્રતિવાદી વિરૂઘ્ધ દાવાનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી કામ ચલાઉ મનાઈ હુકમ આપવામાં આવે છે.

(૩) હાલની અરજીનો ખર્ચ દાવાનાં પરિણામને અનુસરશે.

હુકમ આજરોજ તા.૨૨/૧૨/૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

મુ.મોરબી
તા.૨૨-૧૨-૨૦૨૨

(રાવલ દેવિન્દ્રકુમાર અશોકકુમાર)
પ્રિન્સીપાલ સીની. સીવીલ જજ,મોરબી
CODE NO.- GJ01095.
જાતે